Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# વેદમાં અમૃત્વની પ્રાર્થનાઓ

ડૉ. સેજલ પી. દવે
શેઠ એચ.પી. આર્ટ્સ એન્ડ ટી.એસ.એમ.કોમર્સ કોલેજ, તલોદ, જિ. સાબરકાંઠા.

ઋષિઓના આર્ષદર્શનના પરિપાક રૂપે મળેલા વેદમંત્રોમાં કવિ અને કાવ્યની વિભાવના વ્યક્ત થયેલી છે. ઋગ્વેદમાં ઋષિઓએ પોતાની ચોપાસ સર્વાશ્લેષી રીતે વીંટળાયેલી પ્રકૃતિની આરતી કરી છે, તે પ્રકૃતિનાં વિવિધ તત્ત્વ ને પ્રાર્થનાઓ કરેલી છે. આ બધીજ પ્રાર્થનાઓમાં અમૃત્વની પ્રાર્થના પ્રાણીમાત્રની શાશ્વત કામના છે. વેદમાં આ પ્રાર્થના ખૂબ સુંદર રીતે દર્શાવેલ છે, જેમાં સોમયાગ સર્વોત્તમ સાધન છે.

સોમયાગ વગેરેમાં અગ્નિદેવને પ્રાર્થના કરવામાં આવી છે કે તે યજમાનને દ્યુલોકમાં લઈ જાય.[1] સોમયાગમાં સોમપાનનું ફળ અમૃત્વની પ્રાપ્તિ છે. ઋગ્વેદમાં કહ્યું છે-

अपान सोमममृताङ्भूम अगन्म ज्योतिर्विदाम देवान् | (ऋ.वे.८/४८/३)

અહિ 'અમે સોમપાન કરી લીધું છે, અમર થઇ ગયા છીએ, પરમ પ્રકાશ તેમજ દિવ્યતાને પ્રાપ્ત કરી છે.' એવી ભાવના વ્યક્ત થયેલી જોવા મળે છે. સોમને પ્રાર્થનાકરેલ છે કે અમે મૃત્યુને આધીન ન થઈને ચિરકાળ સુધી જીવીએ-

मो षुणः सोम मृत्यवे परा दाः पश्येम नु सूर्यमुच्चरन्तम् | (ऋ.वे.१०/५९/४)

આ ઋચામાં સાયણાચાર્ય દ્વારા વ્યક્ત ભાવ આ પ્રમાણે છે- 'હે સોમ! તું અમને મૃત્યુને આધીન ન કર, અમે ચિરાયું જીવીએ, દિવસોથી પ્રેરિત અમારી વૃદ્ધાવસ્થા સુખમય થાય.'[2] વિલ્સન[3] તેમજ આધુનિક ભાષ્યકાર જયદેવનો પણ આજ મત છે.[4]

યજુર્વેદમાં સોમનો 'અમૃત' નામથી પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમ કે-

सोमो राजा अमृतं सुतः ऋजीषेणाजहान्मृत्युम् |[5]

વેદ ભાષ્યકાર ઉવ્વટ તથા મહીધરે આ અમૃતનો અર્થ 'અમરત્વ પ્રદાન કરનાર સોમરસ' એવો કર્યો છે.

सोमो राजा सुतङ्भिषुतः सन् अमृतरूपो रसरूपो भवति |[6]

પરંતુ સ્વામી દયાનંદ સરસ્વતીએ 'અમૃત'નો અર્થ 'બ્રહ્મ કે ઔષધિઓનો સાર' એવો કર્યો છે. 'જે અમૃતરૂપ, ઔષધિઓના સારરૂપ બ્રહ્મ કે મધુનો સંગ્રહ કરે તે અમૃતરૂપ આનંદને પ્રાપ્ત કરે છે.'[7] આજ રીતે ઋગ્વેદમાં સોમને 'અમર્ત્ય દેવ' પણ કહ્યા છે-

एषः देवोऽमर्त्यः पर्णवीरिव दीयति |
अभिद्रोणान्यासदम् ||[8]

આર્યમુનિ તેમજ જયદેવ વિદ્યાલંકારે ઉપર્યુક્ત મંત્ર નો પરમાત્મા પરક અર્થ કર્યો છે- 'જે પરમાત્મા દેવનું પૂર્વ વર્ણન કરવામાં આવ્યું છે તે અવિનાશી છે. સર્વત્ર વ્યાપ્ત થવા માટે તે

પરમાત્મા પ્રત્યેક બ્રહ્માંડમાં વિદ્યુત શક્તિની જેમ વ્યાપ્ત છે.'[૯]

જયદેવ વિદ્યાલંકારે પણ આ મંત્રમાં સોમના 'પરમાત્મ' સ્વરૂપને વ્યક્ત કર્યું છે.[૧૦] અહિ સોમનું 'સોમ-વનસ્પતિ' વિશેષ અથવા 'સોમ-પરમાત્મા' એમ બંને પક્ષ સાચા પ્રતીત થાય છે. ઋગ્વેદમાં સોમને અમર્ત્ય કહેવું પણ યોગ્ય છે કેમ કે, જેવી રીતે આયુવર્ધક ધૃતને લક્ષણા વૃત્તિથી સાક્ષાત આયુ – "आयुर्वैधृतम्" કહેવામાં આવ્યું છે, એજ રીતે અમરત્વ સાધન સોમરસને 'અમર્ત્ય' કહેવું પણ એટલું જ યોગ્ય છે.

'શબ્દકલ્પદ્રુમ'માં અમૃતના જળ, ઘી, મુક્તિ, દૂધ, ઔષધ અને આત્મા એવા અર્થો આપેલા છે.[૧૧] સોમપાનમાંથી દીર્ઘાયુષ્યની જે વાત કરવામાં આવી છે તે જન્મ મરણના ચક્રથી મુક્તિ-લાભની વાત નથી, કેમ કે શ.બ્રા.માં સ્પષ્ટ કહેવાયું છે કે – 'य एवंशतं वर्षाणि यो वा भुयान्सि जीवति स ह वा एतद् अमृतं आप्नोति ।'[૧૨] અર્થાત્ 'જે સો વર્ષ કે તેનાથી વધારે જીવે છે તે અમૃતત્વને પ્રાપ્ત કરે છે.' યજુર્વેદમાં પણ અમૃત્વનું સ્વરૂપ આ રીતે દર્શાવાયું છે કે-

अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाअमृतमश्नुते ।[૧૩]

સોમ માટે પ્રયોજાયેલ અમૃત[૧૪], અમર્ત્ય[૧૫], વૃત્રહા[૧૬], દેવ-વીતમમ્[૧૭], જ્યોતિથી અંધકારના નિવારક[૧૮] વગેરે વિશેષણોથી જાણવા મળે છે કે સોમ મનુષ્યની ભીતર રહેલા કામ, ક્રોધ, અજ્ઞાન રૂપી અંધકાર કે વૃત્રને દૂર કરી, અંતર્જ્યોતિ પ્રકાશિત કરી દેવત્વ, અમરત્વ કે મોક્ષ પ્રાપ્તિ કરાવે છે. યજુર્વેદમાં કહેવામાં આવ્યું છે કે 'અમૃતરૂપ સોમરાજા મનુષ્યમાં રહીને તેના અંત:સ્થળમાં ઋજુતા કે શુદ્ધચિત્તતાથી મૃત્યુને દુર કરે છે.'[૧૯] વિશુદ્ધ અંત:કારણ માં વિવેક જ્ઞાનના ઉદયથી અમૃતત્વની પ્રાપ્તિ થાય છે એવો સંકેત અહિ કરાયો છે. યજુર્વેદમાં કહ્યું છે- 'હે જગદીશ્વર! તું કૃપા કર, કર્મથી ઉત્તમરીતે પ્રાણને ધારણ કરવા વાળા જીવનથી અમૃતમ-જીવન મુક્તિ અને મોક્ષને પ્રાપ્ત વિદ્વાનની જેમ મોક્ષરૂપી આનંદને સારી રીતે પ્રાપ્ત કરું, એનાથી લિપ્ત કરીને દુષ્ટાચરણથી (મને) પૃથક કર.'[૨૦] ઋગ્વેદનું ૯/૧૧૩મું સૂક્ત સોમદેવાત્મ છે. એમાં સોમનું ઇન્દ્રના પ્રભાવથી દિવ્યલોકની પ્રાપ્તિ, દિવ્યજ્ઞાન, દિવ્ય આનંદ અને મોદ-પ્રમોદની ઉપલબ્ધિનું વર્ણન છે. આ સૂક્તમાં અત્યંત સ્પષ્ટ રીતે 'અજસ્ર' જ્યોતિર્મય-અમૃતમય લોકની પ્રાપ્તિનું વર્ણન કર્યું છે. સ્વામી દયાનંદસરસ્વતી આ સૂક્તનું આધ્યાત્મિક સ્વરૂપ આ રીતે પ્રસ્તુત કરે છે – 'હે અવિદ્યાદિ ક્લેશોનો નાશ કરવાવાળા પવિત્રસ્વરૂપ સર્વાનંદદાયક પરમાત્મા ! જ્યાં તારા સ્વરૂપમાં નિરંતર વ્યાપક તારું તેજ છે, જ્યાં નિત્ય સુખ છે, તે જન્મ મરણના નાશથી રહિત, તેના સ્વરૂપમાં તમે મને પર્મેશ્વર્ય પ્રાપ્તિ માટે કૃપાથી ધારણ કરો, અને મારા પર માતાની સમાન કૃપા ભાવથી આનંદ વર્ષા કરો.'[૨૧]

'હે (ઈન્દ્ર) આનંદપ્રદ પરમાત્મા! જે તારામાં સૂર્યનો પ્રકાશ પ્રકાશિત થઇ રહ્યો છે, જે તારામાં વીજળી અથવા ખરાબ કામના (મુશ્કેલી) છે, જે તારામાં મોટું વ્યાપક આકાશસ્થ પ્રાણપદ વાયુ છે, તે તારા સ્વરૂપમાં મને મોક્ષ આપ.'[૨૨]

'હે નિષ્કામાનંદપ્રદ, સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્મા! જે તારામાં બધીજ કામના અને અભિલાષા છૂટી જાય છે, જે તમારામાં સૌથી મોટા સૂર્યનું સુખ અને જે તમારામાં પોતાની જ ધારણા અને તૃપ્તિ છે, તે તારા સ્વરૂપને પ્રાપ્ત કરાવી મને મુક્તિ અર્પણ કર.'[२३]

'હે સર્વાનંદ યુક્ત જગદીશ્વર! જે તમારામાં સંપૂર્ણ સમૃદ્ધિ, સંપૂર્ણ હર્ષ, સંપૂર્ણ પ્રસન્નતા અને પ્રકૃષ્ટ પ્રસન્નતા રહેલી છે, અભિલાષી પુરુષની બધી કામનાઓ જે તમારામાં પ્રાપ્ત થાય છે, તે જ તમારા સ્વરૂપમાં પર્મૈશ્વર્ય માટે મને (અમૃતમ્) જન્મ-મૃત્યુ કે દુઃખથી રહિત મોક્ષ પ્રાપ્તિ યુક્ત કરો.'[२४] આ પ્રકારે ઋષિએ  સંપૂણ સૂક્તમાં અમૃત્વને મોક્ષ સુખરૂપમાં પ્રતિપાદિત કરેલ છે. ક્ષેમકરણદાસ  ત્રિવેદીએ પણ 'સોમ'નો અર્થ પરમાત્મા કરી તેને મુક્તિ પ્રાપ્તિનું સાધન કહ્યું છે- 'સોમ સર્વોત્પાદક, પરમાત્મા-બ્રહ્મજ્ઞાની દીક્ષા તપથી જ્યાં જાય છે, સોમ પરમાત્મા ત્યાં લઈ જાય.'[२५]

ઉપર્યુક્ત સંપૂર્ણ વિવેચનથી એ નિષ્કર્ષ નીકળે છે કે અમૃતના સ્રોત પ્રાણ, ઔષધિ, મધુ, શુક્ર, વગેરેને ધારણ કરવાથી સ્વસ્થ પૂર્ણાયુ જીવનની પ્રાપ્તિ જ અમૃત્વ છે. ઉપરાંત જ્ઞાન, ભક્તિ, ઉપાસનાથી કૈવલ્ય પ્રાપ્તિ કે મોક્ષ પ્રાપ્તિ અમૃત્વ છે. શારીરિક વિનાશનો સર્વથા અભાવ હોવાથી મોક્ષ જ વસ્તુતઃ અમૃત્વ છે.

<u>સન્દર્ભ :</u>

१. मा.श.ब्रा. ६/१/२/३६
२. ऋक्. सायण भाष्य १०/५९/४
३. ऋग्वेदसंहिता, विल्सन- १०/५९/४
४. जयदेवभाष्य- એજન, १०/५९/४
५. यजुर्वेदः १९/७२
६. એજન, उव्वट - महीधर भाष्य, १९/९२
७. એજન, १९/७२
८. ऋग्वेदः ९/३/१
९. એજન, आर्यमुनि भाष्य
१०. ऋग्वेदः जयदेवभाष्य ९/३/१
११. शब्दकल्पद्रुमः संपा. मदनमोहन झा
१२. मा.श.ब्रा. १०/२/६/८
१३. यजुर्वेदः ४०/१४
१४. એજન, १९/७२
१५. ऋग्वेदः ९/३/१
१६. એજન, ९/२८/३
१७. એજન, २८/३
१८. એજન,९/१०३
१९. सोमो राजा अमृतं सुतः ऋजीषेणाजहान्मृत्युम् / यजुर्वेदः १९/७२
२०. यजुर्वेदः १९/७२/७५
२१. ऋग्वेदः ९/११३/५ संस्कार विधि, पृ.२३२/३३
२२. ऋग्वेदः ९/११३/६ संस्कार विधि, पृ.२३३
२३. એજન, ९/११३/८ संस्कार विधि, पृ.२३४
२४. એજન, ९/११३/९ संस्कार विधि, पृ.२३४
२५. अथर्ववेद भाष्य, १९/४३/५